સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનો માટે સિવણ વર્ગમાં અનામત બેઠકો રાખવા અને તેમને તે અંગેની તાલીમ આપવા બાબત.

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બકર- ૧૩૭૮-૪૪૪૮૯-ક.
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૭૮.

વંચાણમાં લીધા:- ૧. મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧-૪-૭૮ નો ઠરાવ ક્ર.બીસીઆર-૧૦૭૮-૧૩૩૩૪-ક.

૨. સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૩૦-૬-૭૮ નો પત્ર ક્ર.સક-અમલ-૧-શિ. વિ.૬૩૪.

ઠરાવ:- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગને તથા આર્થિક રીતે પછાતવર્ગને વિવિધ રાહતો/ લાભો આપવા અંગેના હુકમો, મજુર સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ ના ઠરાવ ક્ર. બીસીઆર-૧૦૭૮-૧૩૩૩૪- ક., અન્વયે કરવામાં આવ્યા છે. તે મુજબ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનોને સિવણવર્ગમાં તાલીમ આપી [illegible] મેળવવા માટે સમાજ કલ્યાણ ખાતા હસ્તક ચાલતાં સિવણ કેન્દ્રોમાં, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનો માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે. આ ૧૦ ટકા અનામત બેઠકો વધારાની ઉભી કરવાની રહેશે. અને અન્ય પછાતવર્ગની બેઠકો ઓછી કરવામાં આવશે નહી. આ હુકમો તા. ૧-૪-૭૮ થી અમલમાં આવશે.

૨. સિવણવર્ગમાં તાલીમ મેળવતી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનોને તાલીમ મેળવવામાં માટે વૃત્તિકા(સ્ટાઇપેન્ડ) અને અન્ય સહાય આપવામાં આવશે. આથી આ ઠરાવ સાથેના જોડાણ માં જણાવ્યા મુજબ, ઉપરોક્ત પછાતવર્ગની બહેનોને સિવણવર્ગમાં તાલીમ આપવા માટે રૂા. ૨૪,૫૦૦/- ( રૂા. ચોવીસ હજાર પાંચસો પુરા ) ના ખર્ચની યોજનાને મંજુરી આપવામાં આવે છે.

૩. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીઓ(રાજ્ય) મારફત થશે. આ અંગેની તમામ જરૂરી કાર્યવાહી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તાત્કાલિક કરવી અને કરેલ કાર્યવાહીની જાણ સરકારને કરવી.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-૫-બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ-૬-બીજા કાર્યક્રમો-મિસેલીનીયસ-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે યોજના" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવો.

૫. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૯-૮-૭૮ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. દિવાન
ઉપ સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી ( વધારાની પાંચ નકલો સાથે)

સંસદીય સચિવશ્રી, સમાજ કલ્યાણના અંગત મદદનીશશ્રી,

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(વધારાની ૨૫ નકલો સાથે )

સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર.

(વધારાની પાંચ નકલો સાથે)

* ડાયરેક્ટર જનરલશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ભારત સરકાર, ગૃહમંત્રાલય, શાસ્ત્રીભવન, નવી દિલ્હી -૧.

* અનુસુચિત જાતિ / જનજાતિ માટેના કમીશનરશ્રી, આર. કે. પુરમ, નવી દિલ્હી-૨૨.

* વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮ મીલ, અધિકારીઓની કોલોની, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

બધા કલેકટરો / બધા જિલ્લા વિકાસ અધિકારીઓ,

બધા સમાજ કલ્યાણ અધિકારીઓ (રાજ્ય) અને (પંચાયત)

મહાલેખાધિકારી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.

નિયામકશ્રી, હિસાબ અને તીજોરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.
સ્થાનિક નાણાંકીય અધિકારી, અમદાવાદ
નાણાં શાખા, મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.
'જી' શાખા, મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
'બી' શાખા, મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર રાજ્ય સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધિ આપવા અર્થે.
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર આ અંગે બહોળી પ્રસિદ્ધી કરવા અર્થે.

સિલેક્ટ ફાઈલ -૬ શાખા.

* પત્ર દ્વારા.

વીબી

મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા.૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક બકર/૧૩૭૮/૪૪૪૮૯-હ, સાથેનું જોડાણ.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનોને શિવણવર્ગમાં તાલીમ આપવાની યોજના.**

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનોને સમાજ કલ્યાણ ખાતા હસ્તકના શિવણવર્ગમાં તાલીમ મેળવવા માટે, દરેક તાલીમાર્થીને માસિક રૂ.૧૫/- ( રૂ. પંદર પુરા) ની વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) ૧૨ માસ સુધી આપવામાં ૬ આવશે. તાલીમને અંતે દરેક તાલીમાર્થીને એક શિવણ મશીન-તેના સાધનો સાથે આપવામાં આવશે.

ખર્ચનો અંદાજ :- ૧૯૭૮-૭૯ :-

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બહેનોની સંખ્યા. | | માસિક વૃત્તિકા. | | માસ | | ખર્ચ. રૂ. |
|---|---|---|---|---|---|---|
| (૧) ૩૬ | X | ૧૫ | X | ૧૨ | = | ૬૪૮૦/- |
| (૨) ૩૬ | X | શિવણ મશીન-તેના સાધનો સાથેનો ખર્ચ અંદાજે રૂ. ૫૦૦/- | | | - | ૧૮૦૦૦/- |
| | | | | | | ---------- |
| | | અંદાજે કુલ રૂ. | | | | ૨૪,૪૮૦/- |

એટલે કે રૂ. ૨૪,૫૦૦/-

વીજી.